RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 6

ઓક્ટોબર - 2017


કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

## પ્રેમ નિમંત્રણ



# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ

# સામૂહિક માતૃતર્પણ


# માતૃવંદના મહોત્સવ

**માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)**

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ)થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

# શુભ દિપાવલી

નૂતન વર્ષની મંગલકામનાઓ...



# આવો, દીપોત્સવીના મંગળ દીપે આપણા શુભ અને લાભનાં બારણા ઉઘાડીએ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...

સામાન્ય રીતે વિક્રમ સંવતનું નવું વરસ બેસતું હોય છે કારતક સુદ એકમે અને શિયાળાની ઋતુની શરૂઆત પણ થતી હોય છે તે દિવસથી. સાહિત્યની દુનિયામાં કેટલાક કવિઓ વસંતપ્રેમી હોય છે તો કેટલાક વર્ષાપ્રેમી, કેટલાક વસંત-વર્ષાપ્રેમી પણ મળે. કવિ ઉમાશંકરના જેવા ! પરંતુ ખરેખર તો વસંત અને વર્ષાની જેમ શિયાળાની ઋતુ પણ સૌને ગમવી જોઈએ. શિયાળાની ઋતુ તો કાયાકલ્પની - શક્તિનું પ્રદાન કરનારી નરવી ને ગરવી ઋતુ છે. ભગવદ્ ગીતાના દશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે : માસાનાં માર્ગશીર્ષોऽहम (માસોમાં માર્ગશીર્ષ હું.) એમણે એ રીતે શીતકાળને અને સાથે વસંતકાળને પણ ऋतुनां कुसुमाकरः (ઋતુઓમાં વસંત હું) કહી પોતાની વિભૂતિ તરીકે વર્ણન કર્યું છે. જો કે આ સમગ્ર વિશ્વ, આ સમસ્ત બ્રહ્માંડ પોતાનું સર્જન હોઈ, પરમાત્માને તો એ ગમે જ, પણ આપણેય જો પરમાત્મ તત્ત્વને સ્વીકારતા હોઈએ, પરમાત્માને ચાહતા હોઈએ તો એના આ આખાયે સર્જનમાં આપણને પણ રસ પડવો જ જોઈએ, જેમ પરમાત્મા તેમ પરમાત્માનું આ સર્જન પણ આપણી ચાહતને પાત્ર બનવું જોઈએ. કવિશ્રી સુન્દરમ્ કહે છે તેમ ''સુંદરને તો ચાહીએ જ, તે સાથે જે જે અસુન્દર છે તે સર્વને ચાહી ચાહીને સુન્દર કરી મૂકવાનો કીમિયો પણ આપણે અજમાવી જોઈએ.''

જે જે સુંદર હોય છે તે સૌના આકર્ષણનો, સૌના સ્નેહ તેમજ આનંદનો વિષય બનતો હોય છે. આપણે તેથી જ જીવનમાં ચાહવાની શક્તિને વિકસાવી, વિસ્તારી, બને તેટલા સુંદર થવાનું અને બને તેટલું સુન્દર કરવાનું છે. હે વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો, ચાલો આ દીપોત્સવી પર્વે આપણે શિવસંકલ્પ કરીએ કે અસુન્દર સુન્દર થાય, સુન્દર સુન્દરતર અને સુન્દરતર સુન્દરતમ થાય. આપણા મનુષ્ય અવતારની ધન્યતા છે સુન્દર થવામાં ને સુન્દર કરવામાં. બસ આવી જ ઉમદા ભાવના સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા હું અને મારી ટીમ વિવિધ સુન્દરતમ પ્રકલ્પોના સંકલ્પો સાથે રઘુવંશી સમાજ, આપણી જ્ઞાતિમૈયાની સેવામાં પ્રવૃત્ત છીએ ત્યારે વર્ષ દરમિયાન સુંદર અને સુન્દરતમ જ્ઞાતિ શ્રેષ્ઠીઓનો અમોને તન, મન અને ધનથી સહકાર મળ્યો છે તે સૌ પરત્વે સ્નેહાદર અને કૃતજ્ઞતા પ્રગટ કરું છું. આવો જ સાથ, સ્નેહ અને વ્હાલ સૌ તરફથી સાંપડતો જ રહેશે તેવી શ્રધ્ધા સાથે સુંદરતમની આરાધના ચાલુ રાખીશું.

આમ તો આપણા આયુષ્યમાં વર્ષે વર્ષે કેટલી અમાસો આવતી હોય છે ! પણ એમાં દિવાળીની અમાસની તો વાત જ ન્યારી ! દીપોત્સવીના મંગળ દીપે જાણે આપણા શુભ અને લાભના બારણા ઉઘડી જાય છે ! પ્રકાશ તો છે પરમાત્માની છાયા ! જ્યારે જ્યારે દીવા થાય ત્યારે દેવી-દેવતાનો દિવ્ય-ભવ્ય દરબાર ભરાતો હોય એવો ભાવ આપણને તો થાય ! આવો જ એક અદ્દ્ભૂત દિવ્યાતિદિવ્ય - ભવ્યાતિભવ્ય દરબાર ભરાશે લાભ પાંચમના દિવ્ય દિનથી (તા.૨૫ ઓક્ટોબર - ૧ નવેમ્બર દરમિયાન) માતૃગયા તીર્થ સિધ્ધપુરમાં સામૂહિક માતૃવંદના - માતૃતર્પણ તથા પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞની દિવ્યતામાં પરમાત્માના પ્રકાશ કિરણોનો સુમેળ સાધી સૌના હૃદય સુધી પહોંચીએ તેવી અભ્યર્થના સહ,

સૌને વ્હાલથી વંદન, સૌને સ્નેહપૂર્વકની દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ...

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

**વર્ષ : 6**
**ઓક્ટોબર - 2017**
**અંક : 69**
**માલિક**
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

<u>રજી. કાર્યાલય</u>
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 19 સળંગ અંક : 228

**ઈમેઈલ :**
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)


'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| કારોબારી સમિતિ અહેવાલ : પાટણ | ૫ |
| ધર્મધ્વજા આરોહણ : સિદ્ધપુર | ૮ |
| મહાજનોની શુભેચ્છા મુલાકાત | ૧૦ |
| નવરાત્રિ મહોત્સવ : રાજકોટ, રાધનપુર | ૧૫ |
| યુવા વિભાગ – મહિલા વિભાગ | ૧૬ |
| પર્યાવરણ સમિતિ | ૧૭ |
| રમતગમત સમિતિ | ૧૯ |
| સંસ્થા સમાચાર | ૨૦ |
| માતૃવંદના મહોત્સવઃ કાર્યક્રમની રૂપરેખા | ૨૧ |
| સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ. | ૨૪ |


# જાહેર આમંત્રણ





## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સામૂહિક માતૃતર્પણ

માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

**ફક્ત રૂા. ૧૧૦૦૦/- ના અનુદાનથી પોથી નોંધાવવા માટે**
**સંપર્ક સૂત્રો : (079) 40091005, 9909999309**

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણના ભવ્યાતિભવ્ય ઉત્સવમાં દેશ-વિદેશમાંથી રઘુવંશી ભાઈબહેનો ઉત્સાહભેર તન, મન અને ધનથી સેવા આપવા માટે સંકલ્પિત થયા છે ત્યારે પોથી રજિસ્ટ્રેશન માટે પણ દેશ-વિદેશમાંથી અભૂતપૂર્વ સહકાર સાંપડી રહ્યો છે. દિવંગત માતાના તર્પણ અને હયાત માતાના માતૃવંદના મહોત્સવમાં રૂ. ૧૧,૦૦૦ ના અનુદાનથી કોઈ પણ સભ્ય આ ભગીરથ સેવાયજ્ઞમાં સહભાગી બની શકે છે.

**- કાર્યાલય**

## તંત્રી સ્થાનેથી

# આપણી દીપોત્સવી અને નૂતન વર્ષે દીવડાના પ્રકાશમાં વરેણ્ય વિચારોને વધાવીએ

વિક્રમ સંવતના ૨૦૭૩ના વર્ષને વાજતે ગાજતે વળાવવાનો દિવસ એટલે દીપોત્સવી. મનભેદને ત્યાગવાનો આ દિવસ છે. ધર્મક્ષેત્રને વધારવાનો અને કુરુક્ષેત્રને ત્યજવાનો દિવસ છે. સમગ્ર વર્ષ દરમિયાન કરેલી ભૂલોને, ઘરમાંના જાળાની જેમ સાફ કરવાનો દિવસ છે. આ દિવસે આથી જ આપણે દીવડા પ્રગટાવી અજ્ઞાનના અંધકારને દૂર કરીએ છીએ. દીપોત્સવીના આગમન સાથે જ આંખનું ને દીવાનું માંગલ્યમધુર તારા મૈત્રક રચાતું લાગે ! પ્રકાશ જ્યારે ગગન વિહાર કરતો હોય ત્યારે સૂર્ય થાય ને ચંદ્ર પણ થાય, ગ્રહ થાય ને તારા - નક્ષત્ર પણ થાય, વાદળમાં વીજ થાય ને ઈન્દ્રધનુષ પણ થાય ! અને આ પ્રકાશનું જ્યારે ધરતી પર અવતરણ થાય, આપણા ઘર આંગણે એ પધારે ત્યારે તુલસીક્યારે, પાણિયારે અને દેવદેવતાના ગોખે દીવારૂપેય એ દર્શનનું દાન દઈ રહે ! ઘરના ગોખે ગોખે જ્યારે દીવા થાય ત્યારે ઘર કે ગૃહ પણ હીરલે સજેલી ગૃહસુંદરી સમું દેદીપ્યમાન ન દેખાય તો જ નવાઈ !

જો કે આપણા ઉત્સવોએ હવે કરવટ બદલી છે. ટેક્નોલોજીનો તડકો આખી વાતને શરૂઆતમાં અજવાળે છે પણ કાળક્રમે દઝાડે છે. માણસ સંબંધોનું ઊંડાણ ગુમાવવા લાગ્યો છે. વોટ્સએપ, ફેસબુક ને ઈ-મેલમાં (લોકલ નથી, મેલ છે) બેસીને લાગણીઓ આવે છે. ઢગલાબંધ આવે છે. કુરિયરવાળો યુવાન ગીફ્ટપેક આપી જાય છે. બધુ જાણે પરોક્ષ થતું જાય છે. અંતર ઘટ્યું પણ છે ને વધ્યું પણ છે. વોટ્સએપ કે ઈ-મેઈલ અને ગીફ્ટપેકમાં ફોરવર્ડના ફોતરાં વળગ્યાં છે. બધું સંકડાઈ ગયું છે એટલે બેસતું વર્ષ સાત વાગે શરૂ થઈ સાડા નવ વાગ્યે પૂરું થઈ જાય છે.

આમ તો, દિવાળી અને બેસતું વર્ષ આપણને ઘણું બધું કહી જાય છે. નવા વર્ષનો પ્રથમ દિવસ વરેણ્ય (શ્રેષ્ઠ, ઉત્તમ) વિચારોને વધાવતો દિવસ છે. આ કાજે પારકામાં પરમાત્માને પામવાની વૃત્તિ કેળવીએ. આ સારુ ભક્તિભાવ અને સેવાભાવની સરિતા વહેવડાવીએ. સેવાભાવથી નમ્રતા આવશે અને સૌના હિતમાં આપણું હિત એવા સંસ્કાર આવશે. સૌના ભોગે આપણું હિત એ કુસંસ્કાર છે. આપણી માણસાઈનો ઉઘાડ થાય, આપણે માણસ તરીકે સારી રીતે ઉઘડીએ એમાંજ આપણી સાર્થકતા ને કૃતાર્થતા. સાથે સાથે ધનમાંથી દાનને, વાણીમાંથી કલ્યાણને, આયુષ્યમાંથી કીર્તિભાવનાને અને શરીરથી પરોપકારને એમ અસારમાંથી સારને લઈ લેવા એ વરેણ્ય વિચારોનું પરમ લક્ષણ છે.

આપણે જો આપણા જીવનને મંગલમય બનાવવા હોય, મધુર અને મહેકતા રાખવા હોય, બીજા કાજે પ્રેરણારૂપ થવું હોય, તો બીજાની ટીકા કરવાનું સદા ત્યાગીએ, ચાડીચૂગલીની મનોવૃત્તિ છોડીએ, અન્યની ભૂલોને શોધવાની માનસિકતાથી દૂર રહીએ, વાંકદેખાની કુટેવને દેશવટો આપીએ અને સ્વયંની ભૂલો શોધીએ, દોષોને ઓળખીએ તેમજ સરળ અને સંયમી જીવનશૈલી અપનાવીએ એ જ દિપાવલીનો સંદેશ છે. દીપોત્સવીનો દીવો આપણી અંદરનું તમસ દૂર કરે, આપણા આંતર ચક્ષુને ઉઘાડી દે અને આપણને આપણામાંના દૈવતના દર્શન કરાવે એવી અભ્યર્થના સેવીએ. અરે અજવાળુ આપણા જ ઘરમાં, આપણા જ પિંડમાં થાય અને રહે એવું શા માટે ? એ અજવાળું તો રઘુવંશીઓના સૌના ઘરમાં ને સૌના પિંડમાં પ્રગટે ને પ્રસરે એવું થવું જોઈએ. સૌના તમસ ટળે, સૌને ઉઘાડ અને ઉજાસનો અનુભવ થાય તેવું કરીએ. આપણે માટે તો એ જ પ્રકાશપર્વ, એ જ આપણો દીપોત્સવ !

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા લોહાણા જ્ઞાતિના જનજનના મનમાં ચેતનાના નૂતન આવિર્ભાવ પ્રગટાવી સૌ કોઈને ઉજ્જવળ ભવિષ્યની નવી ક્ષિતિજો માટે પથદર્શક બની રહે તેવા પ્રકલ્પોના સંકલ્પો કરીએ અને આ માટે લોહાણા જ્ઞાતિમાં જન્મેલા સંત શીરોમણી પૂજ્ય યોગીજી મહારાજે ચિંધેલા "સંપ, એકતા અને સુહૃદયતા"ના સંકલ્પો લઈએ. પૂજ્ય મોરારીબાપુના "સત્ય, પ્રેમ, કરૂણા"ના વરેણ્ય વિચારને યાદ રાખીએ. વ્હાલા રઘુવંશી ભાઈઓ-બહેનો, ચાલો ધરતી જેવા ક્ષમાશીલ થઈએ, આકાશ જેવા ખુલ્લા થઈએ, પવન જેવા ગતિશીલ થઈએ અને સોના જેવા શુદ્ધ થઈએ તો આપણું આવનારું વર્ષ સંકલ્પ સિદ્ધિનું બની રહે તેવી અભ્યર્થના સહ દીપોત્સવી અને નૂતન વર્ષના દીવડાના પ્રકાશમાં વરેણ્ય વિચારોના સિંચનથી જ્ઞાતિ ને સમાજનો ઉત્કર્ષ થાય તેવી પ્રાર્થના સાથે અંતમાં....

"પ્રકાશો સર્વના દીવા સ્નેહ સદભાવથી સદા !!"

- પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના

# શ્રી લોહાણા મહાપરિષદની પંચમ કારોબારી બેઠક સમસ્ત રઘુવંશી સમાજ પાટણના યજમાનપદે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન




સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની પંચમ કારોબારી બેઠક ખેડૂત ભવન ઓડિટોરીયમ, સરદાર ગંજ, પાટણ ખાતે યોજાઈ. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા વરિષ્ઠ હોદ્દેદારો સહિત સૌ સવારે ૯.૩૦ કલાકે પાટણ પધાર્યા હતા અને સૌ પ્રથમ અતિ સુંદર એવા જલારામ મંદિરે દર્શન કરી પૂ. જલારામ બાપાના આશીર્વાદ મેળવ્યા હતા. સવારે ૧૦.૩૦ કલાકે રજીસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ કુ. વૈદેહી દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ અને રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન સાથે દિપ પ્રાગટ્યના માધ્યમથી કારોબારી સમિતિની બેઠકની શરૂઆત થઈ. યજમાન સંસ્થા વતી શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી મહેશભાઈ ઠક્કર તથા શ્રી આર.જી. ઠક્કરે સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા હતા. ઉત્તર ગુજરાતમાં શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક નિમિત્તે ઉત્તર ગુજરાત વતી શ્રી ભગવાનદાસ બંધુએ પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી હતી. બેઠકના એજન્ડા મુજબ સંદેશા વાંચન, દિવંગત રઘુવંશીઓને શ્રધ્ધાંજલિ તથા ગત્ કારોબારી સમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરી સભાની બહાલી મેળવી હતી અને પ્રમુખશ્રી પાસેથી હસ્તાક્ષર મેળવ્યા હતા. ગત છ માસ અને નાણાંકિય વર્ષના સંસ્થાના હિસાબોની રજૂઆત ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટ અને ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે રજુ કરી સભાની બહાલી મેળવી હતી.

માતૃસંસ્થાના સેવાકીય પ્રકલ્પો અંગે પ્રકાશ પાડતાં શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ શિક્ષણ સહાયમાં ગત વર્ષ દરમિયાન અપાયેલ સહાય અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો અને દાતાશ્રીઓને પણ આ શિક્ષણના યજ્ઞમાં જોડાવા માટે સૌને અપીલ કરી હતી.



અમદાવાદમાં ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે નવીનીકરણ પામેલ શ્રી ખીમજી ભગવાન ભાગવત અતિથિ નિકેતનની સંપૂર્ણ વિગતો રજૂ કરાઈ હતી. તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ માતૃતીર્થ સિધ્ધપુર મુકામે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવની સંપૂર્ણ વિગતો જાહેર કરાઈ હતી. આ ભવ્યાતિભવ્ય આયોજન માટે ઉપસ્થિત સભ્યોએ તન, મન અને ધનથી પોતાનો સહકાર આપવાની ખાતરી આપી હતી. આ આયોજનમાં માતૃશ્રી સરસ્વતીબેન તલકશીભાઈ દલછારામ કોટક પરિવાર મુખ્ય સૌજન્ય, જલારામ જયંતિના દિવસના મુખ્ય સૌજન્ય શ્રી પુરુષોત્તમભાઈ શામજીભાઈ પુજારા પરિવાર (પાલનપુર), દૈનિક યજમાન તરીકે માતૃશ્રી માણેકબાના નામે શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ - મુંબઈ, શ્રી વલ્લભભાઈ અંબારામ અખાણી પરિવાર, કૃષ્ણ જન્મોત્સવના યજમાન તરીકે શ્રી ગીરીશભાઈ છોટાલાલ રૈયા પરિવારના નામોની જાહેરાત થઈ હતી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. યજ્ઞશાળામાં યજ્ઞકુંડના યજમાન તરીકે શ્રી પોપટભાઈ અંબારામ અખાણી પરિવાર, રાજકોટથી શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી હસુભાઈ ભગદેવ, સુશ્રી શિલ્પાબેન પૂજારાના નામોની પણ જાહેરાત થઈ હતી. શ્રી પોપટભાઈ અખાણીએ સોલા ભાગવત અતિથિ ભવનમાં એક રૂમનું સૌજન્ય તથા રાજકોટના શ્રી નીતીનભાઈ રાયચુરાએ એક હોલનું સૌજન્ય જાહેર કરેલ. આ સિવાય રૂા. ૧૧,૦૦૦/- પોથી યજમાન તરીકે અંદાજે ૧૦૦ જેટલા જ્ઞાતિશ્રેષ્ઠીઓ પોતાના નામોની જાહેરાત કરી હતી. માતૃવંદના મહોત્સવ અને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના કાર્યક્રમની સંપૂર્ણ માહિતી સૌને વિગતવાર મળી રહે તે માટે એક વિડિયો પણ પ્રસ્તુત કરાયો હતો. આ સમગ્ર કાર્યક્રમના કો-ઓર્ડિનેટર શ્રી





પોપટભાઈ અખાણીએ પણ વિગતવાર માહિતી આપી આ પ્રસંગ ઉત્તર ગુજરાતમાં યોજાઈ રહ્યો છે અને માતૃસંસ્થાનું પ્રમુખપદ પણ ઉત્તર ગુજરાતથી છે ત્યારે સમાજના સૌ ભાઈઓને તન, મન અને ધનથી જોડાવવા માટે અપીલ કરી હતી અને ઉત્તર ગુજરાતનું ગૌરવ વધે તે માટે સૌને સમર્પિત ભાવે જોડાવા અપીલ કરી હતી.

ગુજરાત સરકારમાં પણ રઘુવંશી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે પ્રસ્તાવ રજૂ કરી યોગ્ય રીતે ઠરાવ તૈયાર કરી તેની કોપી સરકારશ્રીમાં અને અન્ય પક્ષમાં મોકલવા અંગે રજૂઆત કરતાં સૌ ઉપસ્થિત સભ્યોએ તેને વધાવી લીધો હતો. ડીસાથી પધારેલા શ્રી શંકરભાઈ કતીરાએ પણ આ પ્રસ્તાવને સુંદર સમર્થન આપ્યું હતું.

પૂ.ભાણસાહેબ સમાધિ સ્થાન કમીજલાના મહંત પૂ. જાનકીદાસ બાપુએ પણ આ પ્રસંગના આયોજન નિમિત્તે અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો. કમીજલા મુકામે યોજાયેલ પૂ.મોરારી બાપુની રામકથા "માનસ રઘુવંશ" અને આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનને યાદ કરી એ જ ઊર્જા અને એ જ ભાવથી સિધ્ધપુરના આ મહોત્સવને પણ જાજરમાન બનાવવા માટે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી અને સમગ્ર ભાણફોજને પણ આ ભગીરથ સેવા યજ્ઞમાં જોડાવા સૌને આહવાન કર્યું હતું. મુંબઈથી પધારેલા શ્રી હિંમતભાઈ સોમૈયાએ પણ પંચમ અધિવેશનની યાદ અપાવી વર્તમાન ટીમને બિરદાવી આવી તકો જીવનમાં વારંવાર મળતી નથી તેવું જણાવી ઉત્તર ગુજરાતને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા અને આ કાર્યક્રમ અવિસ્મરણીય બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રાજકોટના શ્રી નીતીનભાઈ રાયચુરાએ પણ સમગ્ર સૌરાષ્ટ્ર વતી સર્વ પ્રકારે સહયોગની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. મધ્ય ભારત વિભાગના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ પોતાના વિસ્તારમાં થયેલી સુંદર કામગીરીનો અહેવાલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને સુપ્રત કર્યો હતો અને મધ્ય ભારતમાંથી સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવમાં સર્વે પ્રકારે સહયોગની ખાતરી આપી હતી.

પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પ્રમુખકીય ઉદ્બોધનમાં સૌ પ્રથમ પાટણ સમાજને તમામ સંસ્થાઓએ સાથે મળીને આ મીટીંગનું યજમાનપદ શોભાવવા માટે અભિનંદન આપ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમથી તમામ સંસ્થાઓએ સાથે મળીને સંકલન કર્યું અને સૌને એક મંચ પર આવવા માટે પાટણમાં પ્રથમ વખત આવી તક ઊભી થઈ તે માટે વિશેષ આનંદ વ્યક્ત કર્યો હતો. શ્રી પ્રવિણભાઈએ સિધ્ધપુર મુકામે આયોજિત કાર્યક્રમમાં રઘુવંશી સમાજના સભ્યો ખૂબ મોટી સંખ્યામાં જોડાય અને હકારાત્મક અભિગમથી સેવા, સમર્પણ અને સંગઠનની આ યાત્રામાં પોતાનું યોગદાન આપે તેની સુંદર વાત "અગરબત્તી બળીને સુગંધ આપે છે" તેના દ્રષ્ટાંતથી રજૂ કરી હતી. શ્રી પ્રવિણભાઈએ આ મીટીંગમાં નાગપુર, અમરાવતી, મુંબઈ, દ્વારકા, રાજકોટ, પોરબંદર તથા સૌરાષ્ટ્રના અન્ય શહેરોમાંથી , અમદાવાદ, વડોદરા, કચ્છ તથા ઉત્તર ગુજરાત અને દૂર દૂરથી પધારેલા સૌ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના નવનિયુક્ત પ્રમુખ રાધનપુરના સમાજશ્રેષ્ઠી શ્રી ધીરુભાઈ પુરષોત્તમભાઈ ઘટ્ટાનું પણ શ્રી પ્રવિણભાઈ કોટકે અભિવાદન કર્યું હતું અને સમગ્ર લોહાણા સમાજ સિધ્ધપુરના મહોત્સવમાં સહયોગી બને તે માટે અપીલ કરી હતી. અંતમાં શ્રી પ્રવિણભાઈએ પૂ.જાનકીદાસ બાપુનો તેમની શુભભાવના અને માતૃસંસ્થા પ્રત્યેની લાગણી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



શ્રી કે. સી. ઠક્કર, શ્રી સુરેશભાઈ ચંદારાણા તથા સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ શ્રી કિરીટભાઈ ભીમાણી,શ્રી શિલ્પાંગભાઈ કારિયા, શ્રી પિયુષભાઈ મજીઠીયા, શ્રી નટુભાઈ આચાર્ય, ડૉ. નંદલાલ માનસેતા, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી નીતીનભાઈ ઠક્કર વતી મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તેમની પ્રવૃત્તિઓની ટૂંકમાં રજૂઆત કરી સર્વશ્રેષ્ઠીઓ સમય બચાવવામાં સહયોગી થયા હતા.

કારોબારી સમિતિની બેઠકમાં સંકલનમાં શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી ભરતભાઈ માવાણી, કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ
















કારિયા,શ્રી ભવાનભાઈ કોટક, શ્રી રમેશભાઈ અનમી, કુ.નિધિ તન્ના તથા જય નાગોરા સક્રિય રહ્યા હતા. સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢિયાએ તે જ દિવસે જેમણે પોથી યજમાનના અનુદાનની રકમ જમા કરાવી તેમને સોલર લાઈટ ભેટ સ્વરૂપે આપી હતી. સમગ્ર મીટીંગનું સંચાલન સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે કર્યું હતું.

સુંદર આતિથ્ય બદલ માતૃસંસ્થા દ્વારા યજમાન સંસ્થાનું સન્માન પ્રતિક મોમેન્ટો આપીને કરવામાં આવ્યું હતું જેમાં પાટણના શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી મહેશભાઈ ઠક્કર, શ્રી લાલેશભાઈ ઠક્કર, શ્રી વિનોદભાઈ ઠક્કર, શ્રી કમલેશભાઈ ઠક્કર, શ્રી આર.જી. ઠક્કર, શ્રી સતીષભાઈ ઠક્કર, શ્રી જે.ડી. ઠક્કર, શ્રી સુરેશભાઈ રતાણી, શ્રી ચંદ્રકાન્તભાઈ રતાણી તથા સમગ્ર ટીમના સભ્યોએ સાથે મળી આ સન્માન સ્વીકાર્યું હતું. બપોરે ભોજન પ્રસાદ બાદ સૌ પોતપોતાની અનુકૂળતા મુજબ રાણકીવાવ, સહસ્ત્રલિંગ તળાવ જેવા સ્થળોની મુલાકાત અને ત્યાંથી સિધ્ધપુર મહોત્સવ સ્થળની મુલાકાત લઈ એક સુંદર અનુભૂતિ સાથે પોતપોતાના સ્થળોએ પરત જવા પ્રયાણ કર્યું હતું.

પાટણથી મીટીંગ પૂર્ણ થયા બાદ સર્વે શ્રેષ્ઠીઓ ગોકુલ એજ્યુકેશન કેમ્પસની મુલાકાત લીધી હતી અને આ મહોત્સવના આયોજન માટે સૂચિત સ્થળોની મુલાકાત લઈ હોદ્દેદારશ્રીઓના માર્ગદર્શન મેળવી જરૂરી ફેરફારો સાથે કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

- મધ્યસ્થ કાર્યાલય





તા. ૬ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સાંદિપની પોરબંદરથી આયોજનની તૈયારી અને વ્યવસ્થા અંગે ટીમે તથા ક્ષેત્રની મુલાકાત લઈ સંતોષ વ્યક્ત કરી આ ભગીરથ અને પવિત્ર આયોજન માટે શુભકામનાઓ આપી હતી.

# ધર્મધ્વજા આરોહણ

માતૃતીર્થ સિધ્ધપુરમાં ગોકુલ એજ્યુકેશન કેમ્પસ ખાતે તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ ને લાભપાંચમથી શરૂ થનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવ માટે વિજયાદશમી (દશેરા)ના રોજ સ્થાનિક કાર્યાલય ખૂલ્લું મુકાયું તેમજ ધર્મ ધ્વજા આરોહણ દ્વારા પૂ.સંતોની નિશ્રામાં ધર્મ ધ્વજા આરોહણથી આ પવિત્ર કાર્યનો શુભારંભ થયો.



શ્રી લોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવના શુભ ધર્મકાર્યના પ્રારંભાર્થે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૦, વિજયાદશમીના પવિત્ર દિવસે, ગોકુલ કેમ્પસ કરવામાં આવ્યું. સૌ પ્રથમ બરાબર બપોરે ૧૨.૩૯ કલાકે લક્ષ્મી માર્કેટ ખાતે સ્થાનિક કાર્યાલય ખૂલ્લું મુકવામાં આવ્યું. અત્રે આ કાર્યાલય ખાતે અખંડ દીપકની જ્યોતને પણ પ્રજ્જવલિત કરવામાં આવી. બપોરે ૧.૩૦ કલાકે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય અને હોદ્દેદારો તેમજ અન્ય શહેરોમાંથી પધારેલા સૌ સભ્યોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. નિર્ધારિત કાર્યક્રમ મુજબ બપોરે ૨.૦૦ કલાકે શ્રી જયદેવ મહારાજ તથા તેમની ટીમ દ્વારા ભૂમિ તથા ધ્વજા, પૂજનની વિધિ શરૂ કરવામાં આવી હતી. આ પવિત્ર કાર્યમાં આશીર્વાદ અને શુભેચ્છા સહ પૂજ્ય શ્રી જાનકીદાસબાપૂ, પૂજ્ય શ્રી સરલાબહેન, પૂજ્ય શ્રી સીતારામજી બાપુ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર આયોજનના મુખ્ય મનોરથી શ્રી ઈસ્કોન પરિવાર વતી માતુશ્રી સરસ્વતીબેન તલકશીભાઈ કોટક તથા ગોકુલ પરિવાર વતી માતુશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ






**સિદ્ધપુર મુકામે ખુલ્લુ મુકાયેલ સ્થાનિક કાર્યાલય**



**સ્થાનિક કાર્યાલય**

કોટક, શ્રી બલવંતસિંહજી રાજપૂત, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પોપટભાઈ અખાણી, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી અજયભાઈ ઠક્કર, શ્રી ધર્મેશભાઈ હરીયાણી, શ્રી કિરીટભાઈ ભીમાણી શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી નીતીનભાઈ ઠક્કર તેમજ સિધ્ધપુર સ્થાનિક તથા પાલનપુર, પાટણ, રાધનપુર, હારીજ, ઊંઝાથી પણ સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સંકલન માટે સિધ્ધપુરથી દિપુબા, રાજેન્દ્રસિંહજી તથા શ્રી જે.ડી. પટેલ તથા સમગ્ર ટીમનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. ધર્મધ્વજા આરોહણ અને સમૂહ આરતી બાદ આગામી આયોજનો માટે જરૂરી ઔપચારિક વાતો કરી જરૂરી સમિતિઓના ગઠન માટે ઉપસ્થિત સભ્યોએ સંકલન કરી સૌએ મીઠું મોઢું કર્યું હતું. લગભગ સાંજે ૪.૩૦ કલાકે સૌ પોતપોતાની જવાબદારી સ્વીકારી છૂટા પડ્યા હતા.

## સિદ્ધપુર તીર્થ મહાત્મય




ઘણા વર્ષો પહેલા કર્દમઋષિ દ્વારા આ સ્થાનમાં દસ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી ત્યાર પછી બ્રહ્માજીની આજ્ઞા અનુસાર મનુરાજાની પુત્રી દેવહૂતિ તેમની સાથે કર્દમઋષિના લગ્ન થયા. ત્યારબાદ તેમણે તપશ્ચર્યા કરી તેમને ત્યાં નવ કન્યાનો જન્મ થયો. કન્યાઓના પ્રાક્ટય બાદ શ્રી વિષ્ણુ ભગવાનના વરદાન પ્રમાણે માં દેવહૂતિના ગર્ભમાંથી ભગવાન કપિલ પ્રગટ થયા અને તુરંત જ કર્દમઋષિએ વનગમન કર્યું.

ત્યારબાદ આ સંસારથી કંટાળી ગયેલા માતા દેવહૂતિએ પુત્ર કપિલને પ્રશ્ન પૂછ્યો કે આ સંસારમાં ઈશ્વર પ્રાપ્ત કેવી રીતે કરી શકાય અને આના જવાબમાં કપિલ ભગવાને પોતાની માતાના ઉધ્ધાર માટે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કર્યો કારણ કે માતા પિતાના મોક્ષ આપાવવાની જવાબદારી પુત્રની હોય છે. જે માતા પોતાના બાળકને નવ-નવ મહિના સુધી ઉદરમાં ધારણ કરે છે, પોતે ભીને સૂઈ પોતાના બાળકને કોરે સુવડાવે છે, પોતે ભુખી રહી પોતાના બાળકને જમાડે છે તેવી માતાના ઋણમાંથી મનુષ્ય ક્યારેય મુક્ત થઈ શકતો નથી. પોતાની માતાના ઉદ્ધાર માટે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરી કપિલમુની ગંગાસાગર કલકત્તા ગયા. ત્યારબાદ સાંખ્યશાસ્ત્રના શ્રવણ દ્વારા દેવહૂતિની આંખમાંથી બિંદુઓની ધારા વહેવા લાગી. જેમાંથી સરોવર બન્યું જેને આપણે બિંદુ સરોવર તરીકે ઓળખીએ છીએ. આ જગ્યાએ દેવહૂતિ માતાને સદ્‌ગતિની પ્રાપ્તિ થઈ અને સિધ્ધિ મળી ત્યારથી આ પવિત્ર ક્ષેત્રનું નામ સિધ્ધપુર પડ્યું.

# સિધ્ધપુર મુકામે યોજનારા માતૃવંદના મહોત્સવ માટે મહાજનો / સંસ્થાઓની મુલાકાત

## માતૃવંદના મહોત્સવના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી સહયોગ અને આનંદ પ્રસ્તુત કરતા વિવિધ મહાજનો / સંસ્થાના પદાધિકારીઓ



ભૂજ મહાજનની મુલાકાત



પાલનપુર મહાજનની મુલાકાત





વિરમગામ / સાણંદ મહાજનની મુલાકાત



રાજકોટ મહાજનની મુલાકાત



શ્રીજી ગૌશાળા, રાજકોટની મુલાકાત



રાધનપુર મહાજનની મુલાકાત

happy diwali





હારીજ મહાજનની મુલાકાત









મોરબી મહાજનની મુલાકાત



ગોંડલ મહાજનની મુલાકાત





સુરેન્દ્રનગર મહાજનની મુલાકાત











સાવરકુંડલા, ધારી, ગારીયાધાર, ભાવનગર મહાજનની મુલાકાત

## હાર્દિક શુભેચ્છા સહ



ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.
મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 ◆ Cell : +91-98240 66376
Email : suresh@dhavalagri.com ◆ Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Gurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES



Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ
ગુજરાત વિભાગ

કન્વીનર
કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**



## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT CONTRACTORS & COMMISSION AGENT

H.O 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax 0281-2482185 / 86 - 3290613
Mobile 93773 56824 To 26
E-mail jalaram.transport@yahoo.com
E-mail jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 9374001004

(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com

**Expert Educate Pvt. Ltd.**

Career Counseling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Orgon Donor's Foundation

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી પ્રવીણભાઈ કાનાબાર પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી હરેશભાઈ મુડિયા પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી દિનેશભાઈ પવાણી પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી જીતુભાઈ તન્ના પરિવાર, મસ્કત**

ADVOCATE

+91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)

Advocate, Gujarat High Court

406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60

**E-mail : shyamalbhimani.adv@gmail.com**




**HARSH CLEAN DHAN PVT. LTD.**

Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
[illegible]

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ મારફતિયા
પરિવાર, જામનગર

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ભરતભાઈ કોટક
અધ્યક્ષ, સ્થાયી સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ધર્મેશભાઈ હરિયાણી
અધ્યક્ષ, શિક્ષણ સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પિયુષભાઈ ગંઠા
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી નિલેષભાઈ કોટક
પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

# શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રાજકોટ મુકામે યોજાયેલ નવરાત્રિ મહોત્સવ



સૌરાષ્ટ્ર વિભાગ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નવરાત્રિ મહોત્સવનું અત્યંત સફળતાપૂર્વક આયોજન તા. ૧-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ રાજકોટ મુકામે થયું. આશરે ૧૦,૦૦૦ જેટલા રઘુવંશી સભ્યો આ મહોત્સવના સાક્ષી બન્યા હતા. પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રી મુખે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના સુંદર ડીસ્પ્લે ગ્રાઉન્ડ પર મૂકવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સૌના માટે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઓરકેસ્ટ્રા દ્વારા સૌ રઘુવંશીઓ ગરબાના તાલે ઝૂમી ઊઠ્યા હતા. આ આયોજનમાં શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. આવા અદ્વિતીય આયોજન બદલ તેમણે શ્રી પ્રવિણભાઈ કોટક અને સમગ્ર ટીમ વતી ટ્રસ્ટીશ્રીઓ શ્રી નીતીનભાઈ રાયચુરા, સુશ્રી વીણાબેન પાંધી, શ્રી સુરેશભાઈ ચંદારાણા, સુશ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી હસુભાઈ ભગદેવ, સુશ્રી શિલ્પાબેન પૂજારા, શ્રી યોગેશભાઈ પૂજારા, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી અશોકભાઈ હિંડોચા તથા સમગ્ર ટીમને અઢળક અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવ તથા આર.સી. ટી. ભાગવત અતિથિ ભવન માટે વિવિધ દાતા સમાજ શ્રેષ્ઠીઓ શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી હરિશભાઈ લાખાણી, હસુભાઈ ભગદેવ, શ્રી હિરેનભાઈ સોઢા, શ્રી પરેશભાઈ વિઠલાણી, શ્રી રાકેશભાઈ પોપટ, શ્રી શૈલેષભાઈ પાબારી, દ્વારા અંદાજે રૂા. સાઈઠ લાખના જેટલા અનુદાનની જાહેરાત થતાં આ તમામ પરિવારોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સર્વે પરિવારોને સિધ્ધપુર પધારવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

સંકલન - મેહુલ નથવાણી

## ઉત્તર ગુજરાતમાં રાધનપુર મુકામે યોજાયો નવરાત્રી મહોત્સવ





ઉત્તર ગુજરાતમાં આવેલા રાધનપુર મુકામે પણ વિજયાદશમીના દિવસે શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરિત નવરાત્રિ મહોત્સવનું સુંદર આયોજન મુંબઈના શ્રી દિનેશભાઈ દિપચંદભાઈ કોટક પરિવાર દ્વારા કરવામાં આવ્યું જેમાં ૩૦૦૦ જેટલા પરિવારોએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર આ કાર્યક્રમમાં હાજરી આપી સમસ્ત સમાજને સિધ્ધપુર ખાતેના માતૃવંદના મહોત્સવના કાર્યક્રમમાં જોડાવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ સ્થાનિક હોદ્દેદારો શ્રી મહેશભાઈ મુલાણી, શ્રી ધીરૂભાઈ ઠક્કર, શ્રી રાયચંદભાઈ ઠક્કર, શ્રી ગંગારામભાઈ ઠક્કર, શ્રી રઘુરામભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.સ્થાનિક લોકોનો ઉત્સાહ વધારવા માટે હિતુ કનોડિયા તેમજ શ્રી લોહાણા મહાપરિષદના આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત બાળ કલાકાર શ્રી સ્નેહ મિરાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી મુકેશભાઈ કોટક, શ્રી ભાવેશભાઈ કોટક તથા શ્રી અમીતભાઈ કોટક અને સમગ્ર પરી પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

સંકલન - અજય એમ. ઠક્કર

# યુવા વિભાગ

તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ ને મંગળવારના રોજ સિધ્ધપુર ગોકુલ એજ્યુકેશન કેમ્પસ, ઓડિટોરીયમ ખાતે યુવા સંમેલન યોજાશે જેમાં ભારત વર્ષના તમામ મહાજનોમાંથી યુવક મંડળના સક્રિય તથા જવાબદાર સભ્યોને ઉપસ્થિત રહેવા શ્રી લોહાણા મહાપરિષદ યુવા વિભાગ દ્વારા હાર્દિક નિમંત્રણ છે. સાંજે ૪.૦૦ કલાકે શરૂ થનારા આ કાર્યક્રમમાં વિશેષ પ્રસ્તુતિ તથા ત્યારબાદ વર્તમાન સમયને અનુરૂપ અને સામાજિક ચેતનાઓને વધુ મજબૂત બનાવવા માટે વિશેષ શહેર, પ્રદેશોમાં યુવક મંડળના ફલકને વિસ્તારવા માટે જરૂરી માર્ગદર્શન તથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે વિવિધ યુવક મંડળોના તેમજ શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય યુવા અધ્યક્ષો તેમજ હોદ્દેદારોના સૂચનો અને માર્ગદર્શન અપેક્ષિત અને આવકાર્ય છે.

- અજય જે. વડેરા (ગોંદિયા)
રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ, મો. 9422130757

# મહિલા વિભાગ (મહારાષ્ટ્ર)




શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિની ઉપસ્થિતિમાં શ્રી કચ્છી લોહાણા મહાજન મહિલા સમિતિ દ્વારા મુલુંડ મહાજનવાડી ખાતે શરદપૂનમ નિમિત્તે રાસોત્સવનું આયોજન થયું જેમાં કચ્છી લોહાણા મહાજન મહિલા સમિતિના અધ્યક્ષ સુશ્રી દેવ્યાનીબેન ઠક્કર દ્વારા વરિષ્ઠ હોદ્દેદારોના માર્ગદર્શનમાં આયોજન કરવામાં આવેલ. રાસોત્સવની સાથે સાથે ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપનું પણ આયોજન હેલ્થ સ્પ્રીંગ સંસ્થાના સહયોગથી કરવામાં આવેલ. આ પ્રસંગે કચ્છી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, સુશ્રી લીલાબેન કોટક, શ્રી નીતીનભાઈ પાંધી તથા અન્ય તમામ હોદ્દેદારો દ્વારા સુંદર સંકલન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠલાણી, મહારાષ્ટ્રના વિભાગના મહિલા અધ્યક્ષ સુશ્રી જ્યોતિબેન ઠક્કર તથા મહિલા સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પધારેલા સૌ આમંત્રિત મહેમાનોનું શ્રી કચ્છ લોહાણા મહાજન મહિલા સમિતિ દ્વારા યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદની મહિલા સમિતિ દ્વારા પણ આયોજન સંસ્થાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.





# પર્યાવરણ સમિતિ

તા.૪-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિના ગુજરાત વિભાગના મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કર તથા તેમના પિતાશ્રી ધીરુભાઈ ઠક્કર તેમજ અન્ય હોદ્દેદારો દ્વારા રાધનપુરના શાંતિધામ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા સૌને અભિનંદન પાઠવવામાં આવેલ.

તા.૯-૯-૧૭ના રોજ ગાંધીધામના જલારામ સીટીમાં પર્યાવરણ સમિતિ તથા ગાંધીધામ લોહાણા મહાજન દ્વારા વૃક્ષારોપણ થયેલ. કાર્યક્રમમાં સંતશ્રી શાંતિપ્રિયદાસજી, ડભાણ, શ્રી લોહાણા મહાપરિષદ, કચ્છ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી કે. સી. ઠક્કર, પર્યાવરણ સમિતિના સંયુક્તમંત્રી શ્રી ભરતભાઈ રાજદે તથા લોહાણા મહાજન ગાંધીધામના અગ્રણીઓએ ભાગ લીધેલ.

તા.૧૦-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિના "વૃક્ષો વાવો - ધરતી બચાવો - ૨૦૧૭" અભિયાન અંતર્ગત જસદણ (સૌરાષ્ટ્ર)ની કિશ્ના ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય સોનલબેન વસાણી, વીર તેજસભાઈ વસાણી તથા રઘુવંશી અગ્રણીઓ તથા સામાજીક અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૬-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ દ્વારા સરદાર ફાર્મ, અમદાવાદની મુલાકાત લેવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા ગુજરાત વિભાગના મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કરે શ્રી દિનેશભાઈ પટેલ સાથે ઓર્ગેનીક ફાર્મની ઉપયોગીતા તથા મહત્ત્વ વિશે ચર્ચા કરવામાં આવેલ. ઓર્ગેનિક ઉત્પાદનો પ્રત્યે જાગૃતિ અભિયાન પર્યાવરણ સમિતિ દ્વારા ટૂંક સમયમાં ચલાવવામાં આવશે.

તા.૧૯-૯-૧૭ના રોજ રાપર (કચ્છ) મધ્યે લોહાણા કન્યા છાત્રાલયમાં ૧૦૮ આયુર્વેદિક છોડના રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ કચ્છ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી કે. સી. ઠક્કર તથા અન્ય અગ્રણીઓએ હાજરી આપેલ.

તા.૧૯-૯-૧૭ના રોજ શ્રી મુલુંડ લોહાણા સમાજ આયોજિત સરસ્વતી સન્માન સમારંભ અધ્યક્ષ શ્રી રજનીકાંતભાઈ કારીઆ, મહિલા અધ્યક્ષ ભારતીબેન પરમાણીના નેજા હેઠળ વિદ્યાર્થીઓને પર્યાવરણ સમિતિ તરફથી તુલસીના છોડ તેમજ મંડળને ૫૦૦૧ /- ભેટ આપવામાં આવી. સમિતિની રચના તેમજ આવનાર દરેક પ્રોજેક્ટ તેમજ પર્યાવરણ બચાવો તેમજ નિબંધ તેમજ વિવિધ સ્પર્ધાઓ વિશે જાણકારી આપી. વિદ્યાર્થીઓને એમના ભાવિ આયુષ્ય માટે શુભકામનાઓ સાથે વૃક્ષો વાવો ધરતી બચાવો વિશે સભાન કર્યા આ કાર્યક્રમમાં મહાપરિષદના વાત્સલ્ય સમિતિ અધ્યક્ષ મીનાબેન સાથે મળી પર્યાવરણ સમિતિએ સહભાગ લીધો. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા વિશેષ જહેમત ઉઠાવેલ.

તા.૧૯-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિના સહમંત્રી શ્રી ભરતભાઈ રાજદે દ્વારા કચ્છના દરિયાના ક્રિક વિસ્તારમાં મેન્ગ્રુવ વાવેતર કરવામાં આવેલ અને તે સ્થળોની મુલાકાત લેવામાં આવેલ.

તા.૨૦-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા ગુજરાત વિભાગના મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કર દ્વારા પુજ્ય શ્રી સદ્‌ગુરુસ્વામીને મુક્તજીવન પ્રાગટ્ય મહોત્સવ પર ફૂલછોડ આપીને આશીર્વાદ મેળવેલ.

બાબરા શ્રી જલારામ મંદિર ખાતે તા.૨૪-૯-૧૭ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણ તેમાં ઉપસ્થિત શ્રી જલારામ મંદિર પ્રમુખ, શ્રી કોટકભાઈ લોહાણા મહાજન પ્રમુખ શ્રી પ્રમોદભાઈ તેમજ અગ્રણીશ્રીઓ. શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ અધ્યક્ષ શ્રી











કિરીટભાઈ ભીમાણી, શ્રી સૌરાષ્ટ્ર યુવા સમિતિ પ્રમુખ શ્રી સુમીતભાઈ ઠક્કર તેમજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર ઝોન શ્રી સુમિત કારીયા ત્યાંનું વૃક્ષારોપણ નાની બાળકીઓના હસ્તે કરાવવામાં આવ્યું તેમજ સિધ્ધપુર પાટણ મુકામે આયોજિત શ્રીમદ્‌ ભાગવત કથાનું સ્નેહ આમંત્રણ પાઠવવા આવેલ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી યુવા સમિતિ સૌરાષ્ટ્ર પ્રમુખ શ્રી સુમીતભાઈ ઠક્કર તેમજ જય નાગોરા ઓફિસ એડમીન, શ્રી અમરેલી લોહાણા મહાજન, ધારી મહાજન, બગસરા મહાજન, કુકાવાવ મહાજનની મુલાકાતનો પ્રોગ્રામ શ્રી સુમીત કારીયાએ આયોજન ગોઠવેલ.

પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર ઝોન દ્વારા લીલીયા મુકામે જલારામબાપાના પાવન સાનિધ્યમાં તા. ૨૫-૯-૧૭ના રોજ માજી ધારાસભ્ય સ્વતંત્ર સેનાની, જુના જનસંઘી એવા સ્વ.શ્રી ખોડીદાસ ઠક્કરની પૂણ્ય તિથિ નિમિત્તે લીલીયા મહાજન તેમજ પર્યાવરણ સમિતિ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ શ્રી સુમીત કારીયા અમરેલી, પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર ઝોન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા. ૨૫-૯-૧૭ના રોજ આડેસર તા. રાપર, ધાનાણી તથા મીરાણી દેવસ્થાન મધ્યે પર્યાવરણ સમિતિ કચ્છ વિભાગ દ્વારા વૃક્ષારોપણ થયેલ. પર્યાવરણ સમિતિના સહમંત્રી શ્રી ભરતભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ શ્રી કાંતીભાઈ મીરાણી, બલવંતભાઈ, આર.ટી. મિરાણી, નરેન્દ્રભાઈ, નારણભાઈ તથા પરિવારના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા. ૨૬-૯-૧૭ના રોજ થાણેના હાલાઈ લોહાણા મહાજન આયોજીત રાસ ગરબા કાર્યક્રમ અંતર્ગત, પર્યાવરણ સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા વિજેતાઓને તથા ટ્રસ્ટીઓને "પાણી બચાવો જીવન બચાવો" વિષય પર આધારિત આંતરરાષ્ટ્રીય નિબંધ સ્પર્ધાના પેમ્પલેટ્સનું વિતરણ કરવામાં આવેલ.

જસદણ (સૌરાષ્ટ્ર) લોહાણા મહાજન આયોજીત ગરબા કોમ્પીટીશનની સાથે પર્યાવરણ સમિતિના "વૃક્ષો વાવો ધરતી બચાવો" અભિયાન અંતર્ગત એક સ્પર્ધાનું આયોજન થયેલ જેમાં ૮-૧૦ લાઈન વૃક્ષારોપણ વિષે લખીને આપવામાં આવેલ અને ભાગ લેનારને એક રોપ જસદણ લોહાણા મહાજનવાડીએથી સોનલબેન વસાણી, રાષ્ટ્રીય કારોબારી સભ્ય, પર્યાવરણ સમિતિ મારફત આપવામાં આવેલ.

તા. ૨૮-૯-૧૭ના રોજ બેલા (રાપર)ના બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે ફૂલછોડ તથા શાકભાજીના બી વાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં બિલેશ્વર મંદિરના પૂજારી, બાળકો તથા પર્યાવરણ સમિતિ ગુજરાત વિભાગના મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કર હાજર રહેલ.

તા. ૧-૧૦-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ તથા શ્રી ગૌશાળા રાજકોટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન શ્રીજી ગૌશાળા ખાતે શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી ગૌશાળાના ટ્રસ્ટી શ્રી પ્રભુદાસભાઈ તન્ના, એનીમલ વેલફેર બોર્ડના ડાયરેક્ટરશ્રી મીતલભાઈ ખેતાણી, પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, રઘુવંશી સમાજના અગ્રણીઓ શ્રી નીતીનભાઈ રાયચુરા, વીનુભાઈ ડેલાવાળા, રમેશભાઈ ઠક્કર તથા સ્પોર્ટ્સ સમિતિના મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર, પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના તૃપ્તિબેન રાજવીર તથા હરીશભાઈ રૂપારેલીયા તથા વિશેષ ઉપસ્થિતિ તરીકે માનવ સેવા ટ્રસ્ટના શ્રી વિજયભાઈ ડોબરીયા તથા વિવિધ સંસ્થાઓ તથા સામાજિક અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવેલ.

તા. ૨-૧૦-૧૭ના રોજ ગાંધીધામ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ, કચ્છ વિભાગના ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કર તથા અન્ય સામાજીક અગ્રણીઓએ હાજરી આપેલ.

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સપ્ટેમ્બર મહિનામાં ૧૬ જેટલા વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રાએ પર્યાવરણ સમિતિની સમગ્ર ટીમને આ કાર્યો બદલ અભિનંદન પાઠવેલ.








# શ્રી લોહાણા મહાપરિષદ રમતગમત સમિતિ
# માતુશ્રી સ્વ. પાર્વતીબેન નરસિદાસ કાથરાણી
# ચોથી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ

## ૫ જાન્યુઆરી, ૨૦૧૮ થી ૭ જાન્યુઆરી, ૨૦૧૮- રાજકોટ (ગુજરાત)

**સહયોગ : શ્રેષ્ઠી શ્રી મણીલાલ નરસિદાસ કાથરાણી, ભુવનેશ્વર**

શ્રી લોહાણા મહાપરિષદ રમતગમત સમિતિ દ્વારા આયોજિત આગામી ચોથી નેશનલ રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૫, ૬, ૭ જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન રાજકોટ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં ઉંમર વર્ષ ૧૬ થી ૪૫ સુધીના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા યોગ્યતા ધરાવતા રઘુવંશીઓને વિનંતી કે પોતાના વિભાગના મહાપરિષદની રમતમગત સમિતિના વડાનો સંપર્ક કરી સિલેક્શન પ્રોસેસ વિશે સમયસર જાણકારી મેળવી લેવા વિનંતી. વિભાગ લેવલનું આ સિલેક્શન તા. ૩૦-૧૧-૨૦૧૭ સુધીમાં પૂરું કરી લેવાનું વિભાગીય વડાઓનું આયોજન છે.

સર્વે સ્થાનિક રઘુવંશી સંસ્થાઓ, સ્થાનિક મહાજનશ્રીઓ તથા શ્રી લોહાણા મહાપરિષદના સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કે લોકલ લોહાણા રઘુવંશી યુવા ધનને આ સંદર્ભમાં મહાપરિષદની રમતગમત સમિતિના વિભાગીય વડાની સૂચના મુજબ માર્ગદર્શન પૂરું પાડે. શ્રી લોહાણા મહાપરિષદના સાતેય

વિભાગીય ઉપાધ્યક્ષોની વિગતો નીચે મુજબ છે.
શ્રી પ્રશાંતભાઈ ઠક્કર (૦૯૮૯૨૩૫૦૫૨૫) મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
શ્રી લલિતભાઈ જીવાણી (૯૪૨૩૪૧૬૦૧૩) વિદર્ભ સહ મધ્ય ભારત વિભાગ
શ્રી ભાવિનભાઈ પોપટ (૯૪૨૬૯૮૪૧૯૬, ૯૮૨૪૨૭૬૧૨૫) ગુજરાત વિભાગ
શ્રી હિતેશભાઈ ઠક્કર (૦૦૮૮૬૬૦૦૦૯૫૫, ૯૮૨૫૦૦૦૯૫૦) કચ્છ વિભાગ
શ્રીપરેશભાઈ બેટાઈ (૦૯૮૮૩૦૬૮૨૯૨) ઉત્તર-પૂર્વ વિભાગ
શ્રી હેમંતભાઈ લાખાણી (૦૯૦૯૯૯૬૬૩૦૯) સૌરાષ્ટ્ર વિભાગ
શ્રી રાજેશભાઈ પુજારા (૦૯૩૮૧૦૦૭૬૫૦) દક્ષિણ ભારત વિભાગનો સંપર્ક કરી શકે છે.

**પિયુષ મજીઠીયા**
રાષ્ટ્રીય અધ્યક્ષ
રમતગમત સમિતિ
૦૯૮૨૫૨૮૦૦૭૦

**પ્રકાશ ઠકરાર**
રાષ્ટ્રીય મંત્રી
રમતગમત સમિતિ
૦૯૯૯૮૦૦૭૮૮૮

## આભાર સહ અભિનંદન

શ્રી લોહાણા મહાપરિષદ રમતગમત સમિતિ દ્વારા આયોજિત ચોથી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટના વિશાળ સંખ્યામાં રઘુવંશી યુવાનો સાક્ષી બની શકે તે માટે આ આયોજન રાજકોટ મુકામે કરવાનું નક્કી કરાયેલ છે. શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનના ખજાનચી શ્રી નીતીનભાઈ રાયચુરા, સૌરાષ્ટ્ર વિભાગના હોદ્દેદારો તથા રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ સુશ્રી કાશ્મીરાબેન નથવાણી દ્વારા આ આયોજનના સંકલન અને સહયોગ માટે ખૂબ સુંદર પ્રતિભાવ અને ઉત્સાહ પ્રાપ્ત થયો છે તે બદલ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને સમગ્ર ટીમ તથા રમતગમત સમિતિ વતી ટીમ રાજકોટને ખૂબ ખૂબ અભિનંદન...

# સંસ્થા સમાચાર

## રાપર

શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપરની સામાન્ય સભા તા. ૧૭-૯-૧૭ ને રવિવારના રોજ યોજાઈ હતી. મીટીંગમાં વર્ષ ૧૬-૧૭ના હિસાબોની સમીક્ષાની સાથોસાથ સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી મહેન્દ્રભાઈ લાલજીભાઈ ગંધાની બિનહરીફ સર્વાનુમતે વરણી કરાઈ હતી. શ્રી મહેન્દ્રભાઈએ સંસ્થાના વિકાસ માટે તમામ દાતાઓના સહયોગથી બનતું બધું જ કરી છૂટવાની તૈયારી બતાવી હતી. શ્રી કે. સી. ઠક્કર સાહેબ તરફથી દરેક બાળાને એક એક ડ્રેસ આપવાની જાહેરાત કરાઈ હતી.

સામાન્ય સભાની સાથોસાથ શ્રી લોહાણા મહાપરિષદ - કચ્છ વિભાગના ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કર સાહેબ, રાપર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રસિકભાઈ દયારામભાઈ આદુઆણી, કચ્છ લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ એમ. પૂજારા, રાપર તાલુકા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રાજેશભાઈ આર. ચંદે, જલારામ સત્સંગ સેવા મંડળ, બાદરગઢ પાટીયાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ બી. ભીંડે, શ્રી દિનેશભાઈ ચંદે, રાપર લોહાણા ભૂકંપ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ચંદ્રકાન્તભાઈ એમ. મીરાણી, લવજીભાઈ ઉકશીભાઈ ગંધા ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયાળીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિલાલભાઈ દયાળજીભાઈ રામાણી, રાપર તાલુકા પંચાયતના સભ્યશ્રી કાંતીલાલભાઈ નાથાણી, શ્રી લાલજીભાઈ નાથાણી, શ્રી ભોગીલાલભાઈ મજીઠીયા, લોહાણા યુવક મંડળ રાપરના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ ચંદે, લોહાણા કન્યા છાત્રાલય, પાટણ અને સમસ્ત મારવાડી લોહાણા સમાજના શેઠ શ્રી મેઘજીબાપુ, લોહાણા ઈન્ટરનેશનલ મુંબઈના પ્રમુખ શ્રી લલીતભાઈ ઠક્કર, લોહાણા બોર્ડિંગ, પાટણના પ્રમુખ શ્રી પાટડી લોહાણા મહાજનના અગ્રણી શ્રી મોહનભાઈ ભાયતા, વડોદરાના શ્રી વિનાયકભાઈ ઠક્કર, ભુજના શ્રી શંકરલાલભાઈ માણેક તેમજ લોહાણા કન્યા છાત્રાલયના પૂર્વપ્રમુખ શ્રી કમળાબેન એસ. પલણ, ખજાનચી શ્રી રંજનબેન રાજદે, લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રી ભાવનાબેન ભીંડે સહિતના મહાનુભાવોના હસ્તે ૧૦૮ આયુર્વેદિક રોપાઓનું સંસ્થાના સંકુલમાં વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ ગત વર્ષે લોહાણા મહાપરિષદ પ્રેરિત સ્કીલ ડેવલપમેન્ટ કમીટી દ્વારા ઉદ્‌ઘાટિત કરાયેલ સેન્ટર દ્વારા શરૂ થયેલા કોમ્પ્યુટર અને સિવણ ક્લાસની બહેનોને સર્ટીફિકેટ વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. સભાની શરૂઆતમાં છાત્રાલયની બાળા કુ. પ્રિયંકા સોઢાએ પ્રાર્થના જ્યારે કુ. કિરણ ઠક્કરે સ્વાગત ગીત રજૂ કર્યા હતા. તેમજ સંસ્થાની પરંપરા મુજબ બાળાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થાના દિવંગત મહાનુભાવોને ઉભા થઈ મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી અંજનાબેન ચંદેએ કર્યું હતું.

સભામાં આદિપુરના શ્રી ભરતભાઈ રૂપારેલ, પાટડીના શ્રી ચમનલાલ ઠક્કર, ડીસાના શ્રી ચંદુલાલભાઈ રાયચંદજી ઠક્કર, ભચાઉના શ્રી રતીલાલભાઈ સોમેશ્વર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સંકલન : કે. સી. ઠક્કર

## મુલુંડ

શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી - મુલુંડ, ગીતા મંદિર હોલમાં આસો મહિનાના ચંદ્રદર્શને, પ્રથમ નોરતાના ગુરૂવાર તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ગૌરક્ષક, ધર્મરક્ષક વીરદાદા જસરાજ મંડળ - મુંબઈ દ્વારા જસરાજ દાદા ધૂપ આરતી સાથે થાળ, રણગીત, અંજલિ ગીત ગાવામાં આવ્યા હતા. શ્રી બીપીન મહારાજે પૂજનવિધિ કરાવી હતી. શ્રી જગજીવનભાઈ તન્ના અને શ્રી લાલજીસરે આજે વિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાવિકજનોનો આભાર માન્યો હતો અને આ મહિનાથી શરૂ કરાયેલા દડિયા પ્રસાદનો લાભ લેવાનો આગ્રહ કર્યો હતો. આ દડિયા પ્રસાદ બનાવવાની જવાબદારી ભોલેનાથ કેટરર્સના શ્રી ગીરીશ ઠક્કર (કોઠારી)ને સોંપવામાં આવી છે. પ્રથમ મહિનાનો આ પ્રસાદ તેમના તરફથી હતો. જસરાજદાદાના ધાતુના બિલ્લા આવતા મહિનાથી ઉપસ્થિત ભાવિકોને આપવામાં આવશે. એની ઉપયોગિતાની માહિતી આવા ૫૦૦ મેટાલિક બિલ્લાના દાતા શ્રી હીરાલાલભાઈ મૃગ દ્વારા આપવામાં આવી હતી. દેવેન્દ્રભાઈ અનમ, ધીરેન તન્ના, ભરત ગંગેરિયા, વસંત ગણાત્રા, જીતેન્દ્ર પોપટ, હરીશ અનમ, ભારતી અનમ, રમેશભાઈ ગણાત્રા, શ્રીમતી રસીલાબેન ગણાત્રા, ઉષાબેન સોતા, કવિતા સોતા, કલ્પના ચંદન, ચેતન ઠક્કર, મલ્લિકા ઠક્કર, ચંદ્રકાંત અનમ, મહેશ સવર, મોહન ઠક્કર, નરેશ દાવડા, હેમંત ગણાત્રા વગેરે મંડળના જસરાજ ભક્તો આ ધૂપ આરતીમાં જોડાયા હતા.

સંકલન : લાલજીસર

## અમદાવાદ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન અમદાવાદ દ્વારા તા. ૨૯-૯-૨૦૧૭ના રોજ મંગલદીપ પાર્ટી પ્લોટ, સાયન્સ સીટી રોડ, સોલા ખાતે નવરાત્રિ મહોત્સવનું આયોજન થયું જેમાં પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો, યુવક મંડળ તથા મહિલા મંડળના સુંદર સંકલનથી કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, મુંબઈથી શ્રી મુકેશભાઈ કોટક, અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ધીરૂભાઈ પી. ઠક્કર તથા અમદાવાદની વિવિધ સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભોજન - પ્રસાદ તથા સમૂહ આરતીથી શરૂ થયેલ કાર્યક્રમ ઈનામોની વણઝાર અને અલ્પાહાર સાથે રાત્રે ૨.૦૦ કલાકે સંપન્ન થયો હતો.

સંકલન : મુકેશ પી. હાલાણી

# જાહેર આમંત્રણ

## શ્રી લોહાણા મહાપરિષદ
## રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ
## આયોજિત
## ગોકુલ પરિવાર - સહયોગિત



હયાત માતાઓના શ્રેયાર્થે તથા દિવંગત માતાઓના સ્મરણાર્થે



# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ
# સામૂહિક માતૃતર્પણ

**માતૃગયા તીર્થ સિધ્ધપુર**

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭
(લાભપાંચમ) થી
તા.૧ નવેમ્બર, ૨૦૧૭

**શુભ સ્થળ**

માતૃવંદના ધામ
ગોકુલ એજ્યુકેશન કેમ્પસ, સુજાણપુર રોડ,
સિધ્ધપુર - પાલનપુર હાઈવે, સિધ્ધપુર,
જી. પાટણ, ગુજરાત

## કાર્યક્રમની રૂપરેખા

**પ્રારંભ / શોભાયાત્રા**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
(લાભપાંચમ) સવારે ૮.૦૦ કલાકે

**પંચદિન વિષ્ણુયાગ / મહા નારાયણ બલિ**
તા.૨૮ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭
બિંદુ સરોવર ખાતે


**આનુષ્ઠાનિક ૧૦૮ કુંડી વિષ્ણુ યજ્ઞ**
તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ મંગળવાર, કારતક સુદ અગિયારસ

**સામૂહિક માતૃતર્પણ અને સમાપન**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર , કારતક સુદ બારસ

**કથાનો સમય : (તા.૨૬-૧૦-૨૦૧૭ થી ૧-૧૧-૨૦૧૭) સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાકે**
**ભોજન પ્રસાદ : દરરોજ બપોરે ૧.૦૦ થી ૩.૦૦ કલાક**

## મુખ્ય મનોરથી પરિવારો

ISCON BUILDING THE FUTURE
**જે. પી. ઈસ્કોન પરિવાર**




માતુશ્રી સરસ્વતીબેન
તલકશીભાઈ દલછારામ
કોટક પરિવાર

GOKUL AGRI INTERNATIONAL LTD.
**ગોકુલ પરિવાર**



બાશ્રી હંસાબા
ચંદનસિંહજી માધુસિંહજી
રાજપૂત પરિવાર

Lakhi Group
**લખી પરિવાર**



માતુશ્રી
પુષ્પાબાઈ વિશનદાસ
લખી પરિવાર

**મધ્યસ્થ કાર્યાલય**
ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે,
ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-380059.
**Help Line :**
(079) 4009 1005, 9909999307, 9909999309

**સ્થાનિક કાર્યાલય**
ગોકુલ ચેમ્બર, લક્ષ્મી માર્કેટ,
રેલવે સ્ટેશન પાસે, એસ.જે. રોડ, દેથળી ચાર રસ્તા, સિધ્ધપુર.
વ્યવસ્થા કે અન્ય માહિતી માટે સ્થાનિક સંપર્ક સૂત્રો :
રાજેન્દ્રસિંહ સોલંકી : ૯૮૭૯૧૧૨૫૭૦, જે.ડી. પટેલ : ૯૮૭૯૧૧૨૫૨૨

# મુખ્ય કાર્યક્રમો

**તા. ૨૭-૧૦-૨૦૧૭ ને શુક્રવાર (જલારામ જયંતિ)**
બપોરે ૪.૦૦ કલાકે આનંદનો ગરબો સિધ્ધેશ્વરી આનંદ ગરબા મંડળ
સમૂહ ભોજન પ્રસાદ : પ્રસાદ - જલારામ ધામ વીરપુરથી
રાત્રે ૯.૦૦ કલાકે : જલારામ જયંતિ નિમિત્તે
પૂ.જલારામ બાપાનો સત્સંગ
તથા લોકસાહિત્ય પ્રસ્તુતિઃ જગદીશ ત્રિવેદી અને ટીમ

**તા. ૨૮-૧૦-૨૦૧૭ ને શનિવાર**
સાંજે ૪.૦૦ કલાકે : શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત
આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત સમારોહ
(નવનિર્મિત ઓડિટોરીયમ ખાતે)
વિશેષ ઉપસ્થિતિ : સ્થાપિત એવોર્ડ્સના સૌજન્ય દાતા પરિવારો

**તા. ૨૯-૧૦-૨૦૧૭ ને રવિવાર**
સાંજે ૪.૦૦ કલાકે : રઘુવંશી મહાજન સંમેલન

સાંસ્કૃતિક પ્રસ્તુતિ : સાંસ્કૃતિક સમિતિ તથા
મહિલા વિભાગ દ્વારા
રસોઈ શો અને હરિફાઈ તથા
વિશેષ પ્રસ્તુતિ : સંકલન : નેહા રાજા (અમરાવતી)

ભારત ઇતિહાસ સંકલન સમિતિ આયોજિત
સામાજિક / સાંસ્કૃતિક / ધાર્મિક પ્રસ્તુતિ "સિધ્ધપુરથી સોમનાથ"
- ડૉ. ગીરીશ ઠાકર

**તા. ૩૦-૧૦-૨૦૧૭ ને સોમવાર**
સાંજે ૪.૦૦ કલાકે : રઘુવંશી મહિલા સંમેલન
સંકલન : સુશ્રી નિમાબેન આચાર્ય, સુશ્રી રશ્મિબેન વિઠલાણી

**તા. ૩૧-૧૦-૨૦૧૭ ને મંગળવાર**
સાંજે ૪.૦૦ કલાકે : રઘુવંશી યુવા સંમેલન
રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ , શ્રી અજયભાઈ વડેરા ટીમ દ્વારા,
વક્તાઓ : શ્રી જયનારાયણભાઈ વ્યાસ, શ્રી ભાગ્યેશભાઈ ઝા,
પૂ.શ્રી નિજાનંદજી મહારાજ,

## શોભાયાત્રા / પોથીયાત્રા

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ)ના રોજ માતૃતીર્થ સિધ્ધપુર નગરમાંથી સવારે ૮.૦૦ કલાકે અખંડ દીપ સાથે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં પ્રારંભ થશે જે લગભગ બે કલાક બાદ માતૃવંદના ધામ, કથામંડપમાં સંપન્ન થશે. આ શોભાયાત્રામાં સિધ્ધપુર નગરના સ્થાનિક શ્રેષ્ઠીઓ,પોથી યજમાન પરિવારો, દાતાશ્રીઓ, સહયોગી પરિવારો તથા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા સમગ્ર ટીમ પણ ખૂબ મોટી સંખ્યામાં જોડાશે.

**આરોગ્ય મંદિર**
**રક્તદાન કેમ્પ**
નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા જરૂરી સેવાઓ
અને માર્ગદર્શન
આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન

આરોગ્ય સમિતિ / થેલેસેમિયા સમિતિ
સંકલક અને પ્રેરક : શ્રી ઉમેશભાઈ નંદાણી,
પરિન પરિવાર (રાજકોટ)

**વૃક્ષારોપણ - સ્વચ્છતા અભિયાન**
પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ અને નગરપાલિકા સિધ્ધપુરના સંયુક્ત ઉપક્રમે સરસ્વતી નદીના પટમાં નિર્ધારિત સ્થળે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ આઠ દિવસ દરમ્યાન સતત રહેશે. તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી બલવંતસિંહજી રાજપૂત, શ્રી જયનારાયણભાઈ વ્યાસ, શ્રી અજીતભાઈ મારફતીયા તથા અન્ય શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં આ અભિયાન ખૂલ્લું મુકાશે.
ગોકુલ એજ્યુકેશન કેમ્પના વિદ્યાર્થીઓ
સિધ્ધપુર નગરપાલિકા, પ્રમુખ શ્રી અજીતભાઈ મારફતીયા
પર્યાવરણ સમિતિ : શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી નિલેશભાઈ ડી. ઘદા

**આપના સતત સાથ સહકાર અને આશીર્વાદની અપેક્ષા સહ....**

| | | | |
|---|---|---|---|
| હિંમત કે. કોટક | યોગેશ એસ. લાખાણી - ગવર્નર | પ્રવિણ ટી. કોટક - પ્રમુખ | હિમાંશુ બી. ઠક્કર |
| નીતીન જી. પાંધી | પરેશ પી. ભૂપતાણી | ઉમંગ એચ. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
| ખજાનચીઓ | વાઈસ ગવર્નર | વરિષ્ઠ ઉપપ્રમુખ | મંત્રીઓ |

# શ્રી લોહાણા મહાપરિષદ

| પ્રવિણ ટી. કોટક | ઉમંગ એચ. ઠક્કર | હિમાંશુ બી. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી | મંત્રીશ્રી | મંત્રીશ્રી |

## માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવમાં ભાગ લઈ રહેલા પોથી યજમાનશ્રીઓ માટે

તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવમાં પોથી યજમાન બની આપે માતૃઋણ અદા કરવાનો અવસર પ્રાપ્ત કર્યો છે તેબદલ માતૃસંસ્થા વતી આપના વડીલ માતૃશ્રીને વંદના સાથે આપના સમગ્ર પરિવારને ખૂબ ખૂબ અભિનંદન...

વિશ્વપ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના રસપાન સાથે વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક કાર્યક્રમોનું પણ આયોજન છે. આપને સહપરિવાર આ મહોત્સવના તમામ દિવસોમાં ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. સવારે અલ્પાહાર તથા બંને સમયે ભોજન - પ્રસાદ અને બપોરે ચા-કોફીની વ્યવસ્થા દાતાશ્રીઓના સહયોગથી તમામ સભ્યો માટે ઉપલબ્ધ છે. આ મહોત્સવમાં પધારતા તમામ સભ્યો માટે ઉતારાની પણ યથોચિત્ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા. ૨૩ ઓક્ટોબરથી કોલેજ કેમ્પસમાં રિસેપ્શન હૉલ ખાતે રૂબરૂમાં આઈ.ડી. કાર્ડ તથા નિયત રકમ જમા કરાવી ઉતારાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવાશે. તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ સુધી ઉતારા વિભાગનું કાર્યાલય સતત આગંતુકોની સેવામાં કાર્યરત રહેશે. ઉતારાનું સ્થળ કથા સ્થળથી પાંચ કિ.મી. કે તેથી વધારે દૂર હશે અને ૨૦ કે તેથી વધારે સભ્યોનું ગ્રુપ એક સાથે હશે તો કથા સ્થળે આવવા - જવા માટે દિવસમાં એક વખત વાહન વ્યવહારની સુવિધા સમિતિ તરફથી નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. હોટલ બુકિંગ કે ઉતારાની જનરલ વ્યવસ્થા માટે મુખ્ય સંપર્ક સૂત્રો : શ્રી મહેશભાઈ પંચાલ : મો. ૭૮૭૮૭૫૫૦૩૩, નિધિ તન્ના : મો. ૯૯૦૯૯૯૯૩૦૭

તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ આ મહોત્સવના પ્રારંભે આયોજિત શોભાયાત્રા / પોથી યાત્રામાં પણ આપના પરિવારને ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી. આ પત્રમાં જણાવ્યા મુજબ આપના પોથી નંબરની પોથી તથા પોથી યજમાન માટેનું આઈકાર્ડ વિશેષ રૂપે નિર્મિત માતૃમંદિરમાંથી આપે તે જ દિવસે બપોરે ૭.૦૦ થી ૮.૦૦ કલાક સુધીમાં મેળવી લેવાનું રહેશે. જો આપને આપનો પોથી નંબર ન મળેલ હોય તો મોબાઈલ નંબર ૯૯૦૯૯૯૯૩૦૭ (નિધિ તન્ના) પર સંપર્ક કરી મેળવી શકાશે. પોથી યાત્રા તા. ૨૫ ઓક્ટોબરના રોજ સવારે ૯.૦૦ કલાકે નિર્ધારિત સ્થળેથી શરૂ થઈ ૧૦.૩૦ કલાકે કથા મંડપમાં પહોંચશે. તથા ત્યારબાદ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો શુભારંભ થશે. આ પોથી આપને ફરીથી માતૃમંદિરમાં સ્થાપન કરવાની રહેશે કે જે માતૃમંદિરમાં દરરોજ બ્રહ્મદેવો દ્વારા સામૂહિક જાપ તથા વિધિવિધાન કરવામાં આવશે. આપ પણ આપની પોથીની પૂજાનો લાભ લઈ શકશો.

દિવંગત માતાઓના સ્મર્ણાર્થે તર્પણ વિધિનો વ્યક્તિગત રીતે લાભ લેવા ઈચ્છતા પરિવારો દરરોજ સાંજે બિંદુ સરોવર મુકામે આ વિધિ સુનિશ્ચિત બ્રહ્મદેવો દ્વારા સંપન્ન કરી શકશે. અંતિમ દિવસે સામૂહિક માતૃતર્પણ વિધિ પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને વરિષ્ઠ બ્રહ્મદેવોની ઉપસ્થિતિમાં બિંદુ સરોવર ખાતે પ્રતિકાત્મક રીતે સંપન્ન કરવામાં આવશે. આ વિધિ સંપન્ન થયા બાદ દરેક પરિવારોએ માતૃમંદિરમાંથી પોતાની પોથી પ્રસાદી રૂપે મેળવી લેવાની રહેશે. જે પરિવારો હાજર ન હોય તેમને ભવિષ્યમાં અનુકૂળ સમયે વધુમાં વધુ ૩૦ દિવસની અંદર શ્રી લોહાણા મહાપરિષદ મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ ખાતેથી આપની પોથી મેળવી લેવાની રહેશે.

| પોપટલાલ એ. અખાણી | પ્રવિણ ટી. કોટક | હિમાંશુ બી. ઠક્કર |
|---|---|---|
| કન્વીનર | પ્રમુખ | કોઓર્ડિનેટર |

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permited to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th October 2017

NOESIS EDUCATION
"Sculpting careers for every, Student to flourish and thrive"

New Branch
INAUGURATION
OFFER

FREE IELTS*
FREE VISA Consultancy*
LIMITED SEATS ONLY

40%
Scholarship On

Govt. Job | Bank Job
Coaching & Assistance
IBPS | SBI
CLERK | PO
SSC | CMAT

SAT | ACT
GRE | GMAT
IELTS | TOEFL
PTE

Special 5% more Scholarship For Lohana Mahaparishad Members

STUDY.. WORK.. SETTLE.. at
USA Australia Canada New Zealand Europe
& Many More..

1. C.G. Road (Ahmedabad)
2. Now at Vastrapur (Ahmedabad)

Hardik Thakkar +91 9687600779
Harsh Thakkar +91 8734810114
Niraj Thakkar +91 9909016340
+91 9687600558

Kutch Banaskantha Roadways
THE WORLD TRADE tours & travels DUBAI
KB WORLD TOURS AND FOREX PVT. LTD. R.B.I. Approved Full Fledged Money Changer
DIGITAL WEB SOLUTION

If Undelivered return to:
President, Printer and Publisher : Pravin Kotak, Editor : Chandrakant Tanna
Place of Publication : Shree Lohana Mahaparishad, Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005
Printing Press : Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)